૫૦૩૮

श्री.

भक्तामर स्तोत्र.

समश्लोकी पद्यात्मक भाषान्तर
(નોટ સહિત.)

રચનાર.

હરજીવન વિ. રાયચંદ શાહ.

અમદાવાદ.
રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સને ૧૮૯૨
કિંમત ૦—૪—૦

પ્રથમ વાંચો.

સર્વે જૈન બંધુઓને વિનંતી કરવાની કે હાલમાં કેટલાક વખતથી છાપવાની સગવડ થયેલી છે, છતાં આપણા (જૈન દિગામ્બરી) ભાઇઓ ધર્મ સંબંધી પુસ્તક જોઇએ તેવી છૂટથી છપાવતા નથી, તેનું મુખ્ય કારણ માત્ર એટલુંજ છે કે. ધર્મશાસ્ત્રો એ શ્રી જીનેંદ્રની વાણી અને તેમનાજ સંબંધના ગ્રંથો છે, છતાં તેમને છપાવવાથી લોકો બરાબર વિનય જાળવી શકતા નથી, અને સાધારણ છપાયલાં વ્યવહારીક પુસ્તકોની માફક ધર્મ સંબંધી પુસ્તકોને પણ છાપેલાં હાથમાં આવતાંજ રખડતાં મુકી અસાતના કરે છે એમ ઘણીવાર જોવામાં તેમજ સાંભળવામાં પણ આવ્યું છે. આથી ઉભય પ્રકારે ઘેર લાભ છે.

ધર્મશાસ્ત્ર આપણે છપાવવાં કે નહિ? આ પ્રશ્ન હાલ મોટી ચર્ચાનું કારણ થઇ પડે એમ છે. આ સ્તોત્ર છપાવતી વખતે મારે પણ કેટલીક ચર્ચામાં ઉતરીને તેનો ખુલાસો આપવો પડયો હતો. પરંતુ છેવટે શ્રીયુત્ ભટ્ટાર્કજી ક્ષેમકીર્તિની અને પંડિતજી કલ્યાણચંદ્રજીની અનુમતી મળવાથી, અને હાલનો દેશ કાળ જોતાં મને છપાવવાની જરૂર જણા-

યાથી, વળી છપાવતાં અન્યધર્મી માણસોના હાથમાં જવાથી અવિનય થાય એમ ન હતું તેથી મેં આ સ્તોત્ર છપાવ્યો છે.

હવે એ સંબંધમાં મારી એટલી વિનંતી છે કે કોઈપણ પ્રકારે આ પુસ્તકની તેમજ બીજા પણ ધર્મ સંબંધી પુસ્તકની અસાતના થવા દેવી નહિ, કારણ તેથી માહા પાપની ગતી બંધાય છે, એમ ઘણા ખરા ધર્મશાસ્ત્રોમાં ઠામ ઠામ કહેલું છે.

લી०

ભાષાન્તર કર્તા.

પસ્તાવના.

શ્રીમન્માનતુંગાચાર્ય વિરચિત "**ભક્તામર સ્તોત્ર**" તેના મહિમાને માટે જૈન વર્ગમાં સારી પેઠે પ્રસિદ્ધ છે; અને તે વિશે કેટલીએક દંતકથાઓ પણ ચાલે છે, આ ઠેકાણે તે દાખલ કરી આ લઘુ ગ્રંથની પ્રસ્તાવના વધારવી ઉચીત ધારી નથી.

સંસ્કૃત ભાષા તેના પ્રૌઢપણાને માટે, અર્થ ગૌરવને માટે, અને કાવ્યની મધુરતાને માટે સર્વ માન્ય છે, એટલે મૂળ સ્તોત્રની તમામ ખુબી હું ભાષાન્તરમાં લાવી શકયો છું, એમ કહેવું એ તો આત્મસ્તુતિ કરવા બરાબર છે, પણ એ ભાષાન્તરની અંદર મેં મૂળ સ્તોત્રનુંજ વૃત્ત લઇને એક શ્લોકનો મૂળ ભાવાર્થ અને શબ્દાર્થ એકજ કડીમાં ભાષાન્તરમાં પણ સમાવવાને જે પ્રયત્ન કર્યો છે, તેમાં હું કેટલે દરજ્જે સફળ થયો છું તેની તુલના કરવાનું કામ હું સુજ્ઞ વાચક વર્ગનેજ સોંપુ છું.

આજ સુધીમાં આ સ્તોત્રનાં એક બે ભાષાન્તર ગુજરાતી ભાષામાં ગદ્યમાં થએલાં છે, પણ આ સ્તોત્ર મુખપાઠ કરવાનો છે, તેથી ભાષાન્તર જો પદ્યાત્મક હોય તોજ મુખપાઠ કરવામાં સગવડ પડે. વળી પદ્યની ખુબી પદ્યમાંજ સારી

રીતે આવી શકે છે તે કારણથી આ પદ્યાત્મક ભાષાન્તર મેં કીધું છે તે જો જૈનવર્ગને રૂચીકર થઇ પડશે, અને તેઓ તેનો યથાર્થ ઉપયોગ કરશે, તો હું મારો પ્રયત્ન સફળ થયો સમજીશ.

વળી આ ભાષાન્તર નિચે પ્રમાણે ઉપયોગી થઇ પડશે એમ હું ધારૂં છું

૧. આપણા (જૈન દિગામ્બરી) વર્ગમાં જે જે હસ્ત લિખિત ભકતામર સ્તોત્ર છે તેમાં ઘણે ખરે ઠેકાણે લેખકોની દ્રષ્ટિદોષથી અસુદ્ધ છે તેથી તેનો શુદ્ધ સંસ્કૃત પાઠ કરવાની ઈચ્છા રાખનાર વિદ્વાન જૈનવર્ગને:—

૨. એ સ્તોત્રનો સકળ અર્થ ગદ્યમાં અને પદ્યમાં જાણવાની જીજ્ઞાસા રાખનારા સ્વધર્મી બંધુઓને.

૩. ગુજરાતી ભાષામાં કવિતામાં મુખપાઠ કરવાની ઇચ્છા રાખનારાઓને:—

૪. હસ્તલિખિત પ્રતોની અછત પડતી હતી તેથી તેમજ તે વાંચવામાં જે ગુંચવણ પડતી હતી તેથી આ પ્રમાણે થએલું જોવાની જીજ્ઞાસા રાખનારાઓને:—

જાહેરમાં કવિતા લખવાનો મારો આ પ્રથમ પ્રયાશ છે તેથી, અને આ પ્રકારનાં પદ્યાત્મક ભાષાન્તર કરવામાં જે ગુંચવા-

ડો પડે છે—તે અનુભવી વિદ્વાનો જાણે છે—તેથી જો આ ભાષાન્તરમાં કાંઇ પણ દોષ જણાય તો, તેને માટે ક્ષમા કરી, મને તે વિદિત કરી વાચક વર્ગ આભારી કરશે, જેથી બીજી આવૃત્તિ બહાર પાડવાનો શુભ સમય આવશે તો હું તે પ્રમાણે સુધારો કરીશ.

મારા પરમપુજ્ય સંસ્કૃત વિદ્યાગુરૂ શ્રીયુત્ શાસ્ત્રી વૈજનાથ રાજારામે મને પૂર્ણ પ્રીતિપૂર્વક સંસ્કૃત ભાષાનું જે અધ્યયન કરાવ્યું છે તેનું, તેમજ મને એ માર્ગમાં પ્રેરનાર કાવ્ય વિલાસી નડીયાદના રહીશ રા. રા. વકીલ નંદલાલભાઇ રણછોડદાસે વારંવાર આ પ્રકારનું જ્ઞાન મેળવવાને માટે આગ્રહ કરેલો તેનું, અને સ્વર્ગવાશી મારી અમૃતમયી જનેતા. માહાકુંવરની આ સ્તોત્ર ઉપર અપાર પ્રીતિ હતી તેનું આ ભાષાન્તર ફળસ્વરૂપ છે, એમ હું માનું છું અને તેથીજ ઉકત સુભેચ્છકોને આ પુસ્તક અર્પણ કરવાની મારી ફરજ હતી, પણ આ પૂસ્તક ધર્મ સબંધી હોવાથી વિચારના વમળમાં પડતાં તેમ કરવું બંધ રાખી આ ઠેકાણે અંતઃકરણથી તેમનો આભાર માનીને આ પુસ્તકની પ્રસ્તાવનામાંજ માત્ર તેમનું નામ જોડીને અમર કરવા ઇચ્છું છું.

આ સ્તોત્રનો પાઠ હમેશાં કરવાથી ઘણા પ્રકારની લક્ષ્મી

અને રીદ્ધી સિદ્ધીની પ્રાપ્તી થાય છે, તથા અનેક સંકટોમાંથી મુકત થવાય છે, એમ એ સ્તોત્રની અંદર કહેલું છે, તેથી આ ઠેકાણે તે વિષે વિવેચન કરવાની જરૂર નથી, પણ તમામ જૈનબંધુઓને મારી એટલી પ્રાર્થના છે કે સર્વે શ્રાવક શ્રાવિકાઓએ આ સ્તોત્રનો હમેશાં પાઠ કરવો, એ ઘણુંજ સારૂં છે. અને તેથીજ હું એમ પણ ધારૂં છું કે આ પુસ્તક તમામ બાળકથી તે વૃદ્ધ સુધી જૈન સ્ત્રી પુરૂષોને એક સરખી રીતે પાસે રાખવા લાયક થઇ પડશે. પછી તો મહાશયોની ધ્યાનમાં આવે તેમ. !

સંવત ૧૯૪૮ ના
માઘ શુકલ. ૧૫
મુ. આમોદ
જીલ્લે ભરૂચ.

લી૦ હું છું.
સ્વધર્માનુરાગી સર્વે જૈન બંધુઓનો
સેવક.
હરજીવન વિ. રાયચંદ શાહ.
ના જયજીનેંદ્ર.

૫૦૩૮

भक्तामर स्तोत्र.

वसंततिलका वृतम्

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा
मुद्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक्प्रणम्य जिनपादयुगं युगादा
वालंबनं भवजले पततां जनानाम् ॥१॥

વસંતતિલકા છંદ.

જે ભક્તદેવ[1] નતમૌલી[2] મણિ પ્રભાના,—
ઉદ્યોતકાર, હર પાપ તમો જથાના;
આધાર રૂપ ભવસાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદ યુગે[3] નમીને;— ૧

ભક્તિ કરનારા દેવોના પગે લાગતી વખતે નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાંતીને પણ પ્રકાશ આપનાર, પાપરૂપ અંધકારના સમુહનો નાશ કરનાર, અને સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોને યુગાદિથી આશ્રયરૂપ, એવા શ્રી જીનેંદ્ર રીખવનાથ સ્વામીના ચરણયુગલને રૂડે પ્રકારે નમીને—૧ સ્તુતિ કરનારા દેવો, ૨ નમેલા મુગટ, ૩ બે પગો.

यःसंस्तुतःसकलवाङ्मयतत्वबोधा
दुद्भूतबुद्धिपटुभिःसुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेंद्रम् ॥ २ ॥

સ્તુતિ કરી સકલ આગમ[1] તત્વ બોધે
પામેલ બુદ્ધિ પટુથી[2] સુરલોક[3] નાથે;
સ્તોત્રે, ત્રિલોક ચિતહારી અને ઉદારે,
હું તે સ્તવીશ પણ આદિ જીનેંદ્ર પ્યારે. ૨

ઈંદ્રદેવે તમામ શાસ્ત્રનું તત્વ જાણવાથી ઉત્પન્ન થએલી નિપુણ બુદ્ધિવડે, ત્રણે લોકનું ચીત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી, જેની સ્તુતિ કરી છે; તે પ્રથમ જીનેંદ્ર શ્રી આદિનાથ સ્વામીની હું પણ સ્તુતિ કરીશ. પ્રથમના આ બે શ્લોકનું યુગલ છે.

૧ શાસ્ત્ર, ૨ નિપુણ, ૩ દેવતાઓના રાજા—ઈંદ્ર.

बुद्ध्या विनापि विबुधार्चितपादपीठ
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।
बालं विहाय जलसंस्थितमिंदुबिंब
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥३॥

હે દેવ પૂજીત પદ્માસન![1] વિણ બુદ્ધિ,
પ્રેરી મતી સ્તુતિ વિશે તજી લાજ સુદ્ધી;
તે બાળ વિણ જળ સંસ્થીત[2] ચંદ્ર જેમ,
ઇચ્છે ન કોઇ જન અન્ય જણાયુ તેમ. ૩

હે દેવપુજીત પદ્માસન! જળની અંદર પડેલા ચંદ્રના પ્રતિબીંબને એકદમ ગ્રહણ કરવાને, જેમ કોઇપણ સમજુ માણસ ઇચ્છતો નથી, પણ માત્ર બાળકજ ઈચ્છે છે તેમ બુદ્ધિ વિના લજ્જા રહીત થઇને હું પણ આપની સ્તુતી કરવાને ઉદ્યમવાન થયો છું!!

૧ પગ મુકવાનું આસન, ૨ રહેલો.

वक्तुं गुणान् गुणसमुद्र शशाङ्ककान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ।
कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥४

હે ગુણસાગર! ગુણો શશિ[1] કાન્ત તારા,
કે'વા સમર્થ નહિ સુર[2] ગુરૂ થનારા;
સંહાર[3] કાળ અનિલોદ્ધત[4] જે સમુદ્ર,
બે હાથથી જયમ નકો તરવા સમર્થ. ૪

હે ગુણસમુદ્ર! સંહારકાળના પવનથી જેની અંદર મગર આદિ પ્રાણીઓ ઉછળી રહ્યા છે, એવા સમુદ્રને હાથ વડે તરવાને કોણ સમર્થ થાય છે? અર્થાત કોઇપણ સમર્થ થતું નથી. તેમ ચંદ્રના જેવા મનોહર તમારા ગુણોને કહેવાને બુદ્ધિવડે કરીને બૃહસ્પતિ જેવા પણ સમર્થ ક્યાંથી થાય? અર્થાત્ નજ થાય.

૧ ચંદ્ર જેવા મનોહર. ૨ બૃહસ્પતિ ૩ પ્રલયકાળ ૪ પવનથી ઉછળેલા.

सोऽहंतथापितवभक्तिवशान्मुनीश
कर्तुंस्तवंविगतशक्तिरपिप्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्यमृगोमृगेंद्रं
नाभ्येतिकिंनिजशिशोःपरिपालनार्थम्

તેવો.તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિ રહીત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે,
ના થાય શું? મૃગ શિશુ નિજ રક્ષવાને. ૫

હે મુનીશ! જેમ મૃગપશુ પોતાના બાળકની પ્રીતિના વડે તેનું રક્ષણ કરવાને પોતાના બળનો વિચાર તજી દઇને સીંહની સામે થાય છે, તેમ તેવો હું તમારી ભક્તિના વશ થકી શકિત રહીત છતાં એ પણ સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયો છું.

अल्पश्रुतंश्रुतवतांपरिहासधाम
त्वद्भक्तिरेवमुखरीकुरुतेबलान्मां ।
यत्कोकिलःकिलमधौमधुरंविरौति
तच्चारुचाम्रकलिकानिकरैकहेतुः॥६॥

અલ્પજ્ઞ[1] શાસ્ત્રવિદ[2] હાસ્યનું પાત્ર થાવે,
ભક્તિ તમારી મુજને બળથી વદાવે;
શબ્દો મધુર પિક[3] ચૈત્ર વિશે ઉચ્ચારે,
તે જેમ આમ્રતરૂ[4] પુષ્પ તણા પ્રભાવે. ૬

જેમ ચૈત્રમાસને વિષે આંબાના મોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચ્ચારે છે, તેમ હું થોડું જાણનાર અને શાસ્ત્રજ્ઞોના હાસ્યનું પાત્ર છતાં પણ મને તમારી ભક્તિજ બળાત્કારથી બોલાવે છે.

૧ થોડું જાણનાર. ૨ શાસ્ત્ર જાણનાર, ૩ કોયલ, ૪ આંબો.

त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं
पापंक्षणात्क्षयमुपैतिशरीरभाजाम् ।
आक्रांतलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिवशार्वरमंधकारम् ॥७॥

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,
તા'રી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોક વ્યાપ્ત નિશિનું ભમરા સમાન,
અંધારૂં તે રવિ[1] કરેથી[2] હરાય જેમ. ૭

જેમ રાત્રિને વિષે વ્યાપેલું ભમરાના જેવું કાળું અંધારૂં સુર્યના કિરણથી તત્કાળ નાશ પામે છે; તેમ તમારી સ્તુતિ કરવાથી જન્મ પરંપરાનાં બાંધેલાં દેહધારીઓનાં તમામ પાપો ક્ષણમાત્રમાં નાશ પામે છે.

૧ સુર્ય, ૨ કિરણ.

मत्वेतिनाथतवसंस्तवनंमयेद
मारभ्यतेतनुधियापितवप्रभावात् ।
चेतोहरिष्यतिसतांनलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैतिननूदबिंदुः ॥८॥

માનીજ એમ સ્તુતિ નાથ! તમારી આ મેં,
આરંભી અલ્પ મતીથી તુજના પ્રભાવે;—
તે ચિત્ત સજ્જન હરે, જળ બીંદુ પામે,—
મોતી તણી કમળ પત્ર વિશે પ્રભાને. ८

જેમ કમળ પત્રની અંદર પડેલું પાણીનું ટીપું કમળ પત્રના પ્રભાવથી મોતીના જેવી શોભાને પામે છે, તેમ માનીને થોડી બુદ્ધિ વડે કરીને આરંભેલો આ સ્તોત્ર તમારા પ્રભાવથી સજ્જનોનું ચિત્તહરણ કરશે.

आस्तातवस्तवनमस्तसमस्तदोषं
त्वत्संकथापिजगतादुरितानिहंति ।
दुरेसहस्रकिरणःकुरुतेप्रभैव
पद्माकरेषुजलजानिविकाशभांजि॥९॥

દૂરે રહો રહિત દોષ સ્તુતિ તમારી,
ટાળે અહો ! જનનું પાપ કથા તમારી;
જો કે રવિ દૂર રહે પણ પદ્મ[1] રાશી,
ખીલે મનોહર સરોવરમાં પ્રભાથી. ૯

જેમ સૂર્ય ઘણે છેટે રહીને પણ પોતાના પ્રભાવથી સરોવરને વિષે રહેલાં કમળોને પ્રફુલ્લિત કરે છે, તેમ સર્વ પાપનો નાશ કરનાર તમારૂં સ્તવન ભલે હો, પણ તમારી કથામાત્ર લોકોના પાપ કર્મનો નાશ કરે છે.

૧ કમળનો જથો.

नात्यद्भुतंभुवनभूषणभूतनाथ
भूतैर्गुणैर्भुविभवंतमभिष्टुवंतः ।
तुल्याभवंतिभवतोननुतेनाकिंवा
भूत्याश्रितंयइहनात्मसमंकरोति ॥१०॥

આશ્ચર્ય શું ભુવન ભુષણ! આપની જે—
સ્તુતિ કરે રૂપ ગુણે સમ આપની તે—
થાયે; ભુવી તળ વિશે ન કરે શું માન,
સંપત્તિથી ધનીક આશ્રિતને સમાન. ૧૦

હે ભુવન ભૂષણ! હે ભૂતનાથ! આ લોકને વિશે પણ જે જેનો આશ્રય કરીને રહે છે તે તેને સંપત્તિ વડે પોતાના સરખો કરે છે તો પછી પૃથ્વીને વિશે આપના સત્ય ગુણો વડે કરીને આપની સ્તુતિ કરનારા માણુશો રૂપે તથા ગુણે આપના તુલ્ય થાય તેમાં શું આશ્ચર્ય છે?

दृष्ट्वाभवंतमनिमेषविलोकनीयं
नान्यत्रतोषमुपयातिजनस्यचक्षुः ।
पीत्वापयःशशिकरद्युतिदुग्धसिंधोः
क्षारंजलंजलनिधेरसितुंकइच्छेत् ॥११॥

ત્યાગી મિષાન્મિષ[1] પ્રભુ રૂપ યોગ્ય જોઇ
અન્યત્ર ચક્ષુ પરિતોષ[2] ન થાય કોઇ;
પી, ચંદ્ર કાન્ત[3] જળ ઉજવળ દુગ્ધ[4] સિંધુ,
કેણે કહો લવણ[5] પાણી સમુદ્ર ઇચ્છયું. ૧૧

જેમ ચંદ્રના જેવું મનોહર અને ઉજવળ ક્ષિરસાગરનું પાણી પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાને ઇચ્છા થતી નથી તેમ એકી નજરે જોવાને યોગ્ય આપનું રૂપ જોયા પછી માણસોનાં નેત્ર બીજે ઠેકાણે (અન્ય દેવાદિકને જોઇને સંતોષ પામતાં નથી.

૧ ઉઘાડવું મીચવું ૨ સંતોષ. ૩ ચંદ્ર જેવું મનોહર. ૪ ક્ષિર સાગર. ૫ ખારો સમુદ્ર.

यैःशांतरागरुचिभिःपरमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत ।
तावंतएवखलुतेप्यणवःपृथिव्यां
यत्तेसमानमपरंनहिरूपमस्ति ॥१२॥

જે શાંત રાગ રૂચીના પરમાણુ માત્ર,
તે તેટલાજ ભુવિ આપ થયેલ ગાત્ર;[1]
એ હેતુથી ત્રિભૂવનૈક[2] લલામ ભૂત!
તા'રા સમાન નહિ કોઇ બીજાનું રૂપ. ૧૨

હે ત્રણ ભુવનને વિશે એકજ માત્ર આભૂષણ રૂપ! જે શાંતરાગની છાયાના પરમાણુઓ વડે આપ નિર્માએલા છો તે પરમાણુંઓ પૃથ્વીને વિશે તેટલાજ હોવાથી તમારા સમાન બીજાનું રૂપ નથી.

૧ શરીર ૨ ત્રણ ભૂવનને વિશે એકજ આભૂષણ રૂપ.

वक्त्रंक्वतेसुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ।
बिंबंकलंकमलिनंक्वनिशाकरस्य
यद्वासरेभवतिपांडुपलाशकल्पम् ॥१३॥

ત્રૈલોક સર્વ ઉપમાનનું જીતનારૂં,
ને નેત્રદેવ, નર, ઉરગ[1], હારી તારૂં;
ક્યાં મુખ ક્યાં વળી કલંકીત ચંદ્ર કાન્તિ?!
જેની દિને બનતી કીંશુક[2] પત્ર કાન્તિ. ૧૩

દેવતાઓ, માણસો, અને નાગ પ્રમુખના નેત્રોનું હરણ કરનાર એવું, અને ત્રણે જગતને વિશે રહેલાં, ચંદ્ર, કમળ આદિક ઉપમાનને જીતનારૂં એવું તમારૂં મુખ ક્યાં? અને દિવસને વિશે ખાખરાના પાનના જેવું ફીકું પડી જનારૂં, એવું કલંક સહિત ચંદ્રમાનું બિંબ ક્યાં?

૧ નાગ--સાપ ૨ ખાખરના પાન.

संपूर्णमंडलशशांककलाकलाप
शुभ्रागुणास्त्रिभुवनंतवलंघयंति ।
येसंश्रितास्त्रिजगदीश्वरनाथमेकं
कस्तान्निवारयतिसंचरतोयथेष्टम् ॥१४॥

સંપૂર્ણ ચંદ્ર તણી કાન્તિ સમાન સારા,
તા'રા ગુણો ભૂવન ત્રૈણ ઉલંઘનારા;
ત્રલોક નાથ! તુજ આશ્રિત તેહ જો કે,
સ્વેચ્છા થકી વિચરતા નહિ કોઇ રોકે. ૧૪

સંપૂર્ણ ચંદ્રની કળાઓના સમુહના જેવા શુભ્ર તમારા ગુણો ત્રણે જગતને ઉલ્લંઘન કરે છે. હે ત્રણે જગતના ઈશ્વર ! તે આપ એકજ ત્રૈલોક નાથનો આશ્રય કરીને રહેલા સ્વેચ્છાએ કરીને પ્રવર્તતાં તેમને કોણ રોકી શકે એમ છે.

चित्रंकिमत्रयदितेत्रिदशांगनाभि
नीतंमनागपिमनोनविकारमार्गम् ।
कल्पांतकालमरुताचलिताचलेन
किंमंदराद्रिशिखरंचलितंकदाचित्॥१५

દેવાંગના ન મન આપ વિશે વિકાર,
લાવી સકી ચકીત તેથી નહિં થનાર;
સંહાર કાલ પવને ગિરિ સર્વ ડોલે,
શું મેરૂ પર્વત તથાપિ કદાપિ ડોલે? ૧૫

જેમ પ્રલયકાળના પવનથી તમામ પર્વતો ડોલે છે, પણ મેરૂ પર્વતનું શિખર કદાપિ ચળતું નથી; તેમ દેવાંગનાઓએ અન્ય હરિહરાદિક દેવોનાં મન ચળાવી નાખ્યાં, પણ, તમારૂં મન કિંચીત માત્ર પણ વિકાર પમાડી શકાયું નહિ; તેમાં શું આશ્ચર્ય છે?

निर्धूमवर्त्तिरपवर्जिततैलपूरः
कृत्स्नंजगत्त्रयमिदंप्रगटीकरोषि ।
गम्योनजातुमरुताचलताचलाना
दीपोपरस्त्वमसिनाथजगत्प्रकाशः॥१६॥

ધૂમે રહીત નહિ વાટ ન તેલ વાળો,
ને આ સમગ્ર ત્રય લોક પ્રકાશનારો;
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે,
તું નાથ! છું અપર દીપ જગત્પ્રકાશે. ૧૬

હે નાથ! જેની અંદરથી ધુમાડો નિકળતો નથી, જેને દીવટની પણ જરૂર નથી, તેમ તેલની પણ જરૂર નથી, અને આ ત્રણે જગત્‌ને એકે કાળે પ્રકાશીત કરે છે, તેમજ મોટા પર્વતોને પણ ડોલાવી નાખે એવા પવનને પણ જે કદાપિ ગમ્ય નથી એવા વિલક્ષણદીપ રૂપ તું આ જગતને વિશે પ્રકાશે છે!

नास्तंकदाचिदुपयासिनराहुगम्यः
स्पष्टीकरोषिसहसायुगपज्जगन्ति ।
नांभोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमासिमुनींद्रलोके॥१७

ઘેરી સકે કદિ ન રાહુ ન અસ્ત[1] થાય,
સાથે પ્રકાશ ત્રય લોક વિશે કરાય;
ના જે મુનીંદ્ર! વળી મેઘવડે છવાય;
લોકે પ્રભાવ રવિથી[2] અદકો ગણાય. ૧૭

હે મુનીંદ્ર! જગતને વિશે સૂર્યના કરતાં પણ તમે અધિક મહિમાવાન છો. કારણ, રાહુ તમને ઘેરી શકતો નથી. વળી કદી પણ તમો અસ્ત પામતા નથી, અને મેઘ જેના પ્રભાવનો અવરોધ કરી શકતો નથી તેમજ એક કાળે સાથેજ ત્રણે જગતને પ્રકાશીત કરો છો તેથી સૂર્યના કરતાં વધારે મહિમાવાન છો.

૧ આથમતું, ૨ સૂર્ય.

नित्योदयंदलितमोहमहाधकारं
गम्यंनराहुवदनस्यनवारिदानाम् ।
विभ्राजतेतवमुखाब्जमनल्पकांति
विद्योतयज्जगदपूर्वशशांकबिंबम् ॥१७॥

મોહાંધકાર દલનાર સદા પ્રકાશી,
રાહુ મુખે ગ્રશીતના નહિ મેઘ રાશી;
શોભે તમારૂ મુખ પદ્મ ન અલ્પ કાન્તિ,
જેવો બીજો શશિ [1] ત્રિલોક વિશે પ્રકાશી. ૧૮

જેનો ઉદય હમેશાં છે, મોહરૂપી અંધકારનો નાશ જેણે કરેલો છે, તેમજ રાહુ થકી જેનો ગ્રાસ થઇ શકતો નથી, તેમ મેઘ પણ જેને ઘેરી શકતો નથી; જેની કાન્તિ કદિ પણ ઓછી થતી નથી, એવું ત્રણે જગતને વિશે અપૂર્વ ચંદ્ર બિંબની પેઠે તમારૂં મુખ કમળ શોભે છે.

૧ ચંદ્ર.

किंशर्वरीषुशशिनान्हिविवस्वतावा
युष्मन्मुखेंदुदलितेषुतमस्सुनाथ ।
निष्पन्नशालिवनशालिनिजीवलोके
कार्यंकियज्जलधरैंर्जलभारनम्रैः ॥१९॥

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી[1],
તા'[3] શશિ મુખ હણે તમતો પછીથી!
શાલિ[2] સુશોભિત રહી નિપજી ધરામાં!
શું કામ મેઘ તણું હોયજ આભલામાં ૧૯

હે નાથ ! જેમ શોભાયમાન ડાંગેરનું ધાન્ય પાકયા પછી સુશોભિત થએલા મૃત્યુલોકને વિશે વર્ષાદનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી, તેમ તમારો મુખરૂપી ચંદ્ર જ્યારે અંધકારના સમૂહનો નાશ કરવાને સમર્થ છે ત્યારે પછી રાત્રિને વિશે ઉગતા ચંદ્રથી પણ શું? અને દિવસને વિશે ઉગતા રવિવડે પણ શું ?

૧ સૂર્ય, ૨ ડાંગેર, ૩ પૃથ્વી.

ज्ञानंयथात्वयिविभातिकृतावकाशं
नैवंतथाहरिहरादिषुनायकेषु ।
तेजःस्फुरन्मणिषुयातियथामहत्वं
नैवंतुकाचशकलेकिरणाकुलेपि ॥२०॥

શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિશે જે,
શોભે નહિ હરિહરાદિકના વિશે તે;
સ્ફુર્ણાયમાન[1] મણિમાં જ્યમ માન દિશે,
છે તેજ તેમ નહિ કાચ બિલોર વિશે. ૨૦

જેમ કિમતી મણિયોને વિશે તેજ ગૌરવતાને પામે છે તેવી રીતે ચળકતા કાચના કકડાને વિશે પામતું નથી તેની-જ પેઠે તમારામાં યથાવકાશથી જેવી રીતે જ્ઞાન શોભે છે તેવી રીતે હરિહરાદિક નાયકને વિશે શોભતું નથી.

૧ તેજસ્વી.

मन्येवरंहरिहरादयएवदृष्टा
दृष्टेषुयेषुहृदयंत्वयितोषमेति ।
किंवीक्षितेनभवताभुवियेननान्यः
कश्चिन्मनोहरतिनाथभवांतरेपि ॥२१॥

માનું રૂડું હરિહરાદિકને દિઠા તે,
દીઠે છતે હૃદય આપ વિશે ઠરે છે;
શું થાય છે ભુતળમાં[1] પ્રભુ! આપ જોઇ?
જન્માંન્તરે[2] ન હરસે મન નાથ કોઇ. ૨૧

હું એમ માનું છું કે મેં હરિહરાદિકને દીઠા તેજ સારૂં થયું. કારણ, એમને દીઠા પછી હૃદય તો તમારા વિશેજ સંતોષ પામે છે; આપને જોયા થકી આ પૃથ્વીને વિશે ભવાન્તરમાં પણ કોઇ મારૂં મન હરણ કરી શકનાર નથી.

૧ પૃથ્વી ઉપર, ૨ બીજા ભવમાં.

स्त्रीणांशतानिशतशोजनयन्तिपुत्रान्
नान्यासुतंत्वदुपमंजननीप्रसूता ।
सर्वादिशोदधतिभानिसहस्त्ररश्मिं
प्राच्येवदिग्जनयतिस्फुरदंशुजालम्॥२२

સ્ત્રી શેંકડો જણતી પુત્ર ઘણા તથાપિ,
તા'રા સમાન નહિ અન્ય જણે કદાપિ;
ધારે દિશા સરવ તારક[1] માત્ર સૂર્ય,
ધારે સદા સ્ફુરીત[2] તેજ સહિત પુર્વ. ૨૨

શેંકડો સ્ત્રી ઘણાએ પુત્રોને જન્મ આપે છે, પણ તારાઓને જેમ સર્વ દિશાઓ ધારણ કરે છે છતાં સૂર્યને ફકત પૂર્વ દિશાજ ધારણ કરે છે તેમ તમારા સમાન પુત્ર બીજી જનની ઉત્પન્ન કરી શકતી નથી.

૧ તારાઓ, ૨ પ્રસરતા.

त्वामामनन्तिमुनयःपरमंपुमास
मादित्यवर्णममलंतमसःपरस्तात् ।
त्वामेवसम्यगुपलभ्यजयन्तिमृत्युं
नान्यःशिवःशिवपदस्यमुनींद्रपंथाः॥२३॥

માને પરંપુરૂષ આપ મુની તમામ,
આદિત્ય[1] નિર્મળ રૂપે તમ[2] પાસ જેમ;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર,?
છેના બીજો કુશળ મોક્ષ તણોજ પંથ[3]. ૨૩

હે મુનીંદ્ર! આપને તમામ મુનિયો પરંપુરૂષ માને છે; અને અંધકાર (મોહ રૂપી) ની આગળ નિર્મળ સૂર્યની પેઠે છો; તમનેજ રૂડે પ્રકારે પામીને મૃત્યુને જીતે છે, એ સિવાય બીજો મોક્ષનો કુશળ માર્ગ નથી.

૧ સૂર્ય, ૨ અંધારૂં, ૩ માર્ગ.

त्वामव्ययंविभुमचिंत्यमसंख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगीश्वरंविदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलंप्रवदंतिसन्तः ॥२४॥

છો આદ્ય[1] અવ્યય,[2] અચિંત્ય,[3] અસંખ્ય[4] વિભુ,[5]
બ્રહ્માણ[6] ઇશ્વર, અનંત[7] અનંગ[8] કેતુ!!
યોગીશ્વરા,[9] વીદીતયોગ,[10] અનેક એક,
કે' જ્ઞાન રૂપ મળ વર્ણીત સંત છેક. ૨૪

હે પ્રભુ! સંતપુરૂષો આપને, આદ્ય, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ, બ્રહ્મા, ઇશ્વર, અનંત, કામનો નાશ સુચવનાર પુંછડીયા તારારૂપ, યોગીશ્વર, યોગ જાણનાર, અનેક, એક, ઈત્યાદિક અને નિર્મળ જ્ઞાન સ્વરૂપ કહે છે.

૧ પ્રથમ, ૨ વ્યવથાય નહિ એવા, ૩ ચિંતવન થઇ શકે નહીં તે, ૪ સંખ્યા રહીત, ૫ પરમ ઐશ્વર્યવાન, ૬ નિવૃત્તિ રૂપ, ૭ જેનો અંત નહીં તે, ૮ કામનો નાશ સુચવનાર તારા રૂપ; ૯ યોગીઓના ઇશ્વર, ૧૦ યોગને જાણનાર.

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वंशंकरोसि भुवनत्रयशंकरत्वात् ।
धातासिधीरशिवमार्गविधेर्विधानात्
व्यक्तंत्वमेवभगवंनूपुरुषोत्तमोसि ॥२५॥

વિબુધ પુજીત મતિથી તમેજ બુદ્ધ!
ત્રિલોક સુખકર શંકર આપ શુદ્ધ!
છો મોક્ષ માર્ગ વિધિ ધારણધીર! ધાતા!
તું છે પ્રભુ પુરૂષ ઉત્તમ સ્પષ્ટ પાતા. ૨૫

દેવતાઓએ પુજન કરેલી બુદ્ધિના બોધ વડે કરીને તમેજ બુધ્ધ છો, અને ત્રણે જગતને સુખના આપનાર હોવાથી તમેજ શંકર રૂપ છો, તેમજ હે ધીર! મોક્ષ માર્ગના વિધિને ધારણ કરવાથી આપજ ધાતા છો, અને હે ભગવન્! તમેજ સ્પષ્ટ પુરૂષોતમ એટલે નારાયણ રૂપ છો.

तुभ्यंनमस्त्रिभुवनार्तिहरायनाथ
तुभ्यंनमःक्षितितलामलभूषणाय ।
तुभ्यंनमस्त्रिजगतःपरमेश्वराय
तुभ्यंनमोजिनभवोदधिशोषणाय॥२६॥

ત્રિલોક દુઃખ હર સ્વામી તને નમોસ્તુ !
તું ભૂતળે અમળ ભૂષણને નમોસ્તુ !
ત્રૈલોકનાથ પરમેશ્વરને નમોસ્તુ !
હે જીન ! શોષિક[1] ભવાબ્ધિ[2] તને નમોસ્તુ!! [3] ૨૬

હે નાથ! ત્રણે જગતની પીડાઓને હરણ કરનાર આપને મારા નમસ્કાર હો ! અને પૃથ્વીના તળ ઉપર અમળ હોતાં નિર્મળ ભુષણ રૂપ આપને મારા નમસ્કાર હો! વળી ત્રૈલોકના પરમેશ્વર એવા આપને મારા નમસ્કાર હો. હે જીન ! આ સંસાર રૂપ સાગરને શોષણ કરનાર આપને મારા નમસ્કાર હો !

૧ શોષણ કરનાર. ૨ સંસાર રૂપ સમુદ્ર ૩ નમસ્કાર હો.

कोविस्मयोत्रयदिनामगुणैरशेषैः
त्वंसंश्रितोनिरवकाशतयामुनीश ।
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः
स्वप्नांतरेपिनकदाचिदपीक्षितोसि॥२७॥

આશ્ચર્ય શું! ગુણ અશેષ[૧] કદી મુનીશ!
તારેજ આશ્રય કરી વસતા હમેશ;
દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદિકે ન તમને સ્વપ્ને દીઠેલા. ૨૭

હે મુનીશ! તમામ ગુણોજ તમારામાં નિરંતર આશ્રય કરીને રહેલા છે તેમાં શું આશ્ચર્ય છે! કારણ વિવિધ આશ્રયથી ઉત્પન્ન થએલા ગર્વાદિક જે દોષો, તેણે તો તમને સ્વપ્નાંતરમાં પણ જોયેલા નથી.

૧ તમામ.

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख
माभातिरूपममलंभवतोनितांतम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं
बिंबंरवेरिवपयोधरपार्श्ववर्त्ति ॥२८॥

ઉંચા અશોક તરૂ આશ્રિત આપ રૂપ,
શોભે ઉંચાં કિરણ નિર્મલથી અનુપ;
તે મેઘની સમીપ જેમ રવિ[1] રહીને,
શોભે પ્રસારી કિરણો તમને[2] હણીને[3]. ૨૮

જેમ મેઘની પાસે રહેલું સૂર્યનું બીંબ અંધકારનો નાશ કરીને પ્રગટ ઉંચાં કિરણ વડે સોભાયમાન દેખાય છે તેમ ઉંચા અશોક વૃક્ષનો આશ્રય કરીને રહેલું આપનુ રૂપ અત્યંત ઉંચાં, અને નિર્મળ કિરણો વડે શોભી રહ્યું છે.

૧ સુર્ય ૨ અંધકારને ૩ ટાળીને.

सिंहासनेमणिमयूखशिखाविचित्रे
विभ्राजतेतववपुःकनकावदातम् ।
बिंबंवियद्विलसिदंशुलतावितानं
तुंगोदयाद्रिशिरसीवसहस्त्ररश्मेः ॥२९॥

સિંહાસને મણિ વિચીત્ર તણા તમારૂં,
શોભે મનોહર શરીર સુવર્ણ જેવું;
ઉંચા ગિરી ઉદયના સિર સુર્ય બીંબ,
શોભે પ્રસારી ગગને કર[1] જેમ ખુબ. ૨૯

હે જીનેંદ્ર! ઉંચા ઉધાચળ પર્વતના ઉપર આકાશને વિસે પ્રકાશમાન કિરણો રૂપી લતાઓના સમૂહ વડે જેવી રીતે સુર્યનું બીંબ શોભી રહે છે, તેવીજ રીતે મણિયોના કિરણોની પંક્તિઓ વડે કરીને વિચિત્ર એવા સિંહાસનને વિશે સુવર્ણ જેવું મનોહર આપનું શરીર વિશેષે કરીને શોભી રહે છે.!

૧ કિરણ.

कुंदावदातचलचामरचारुशोभं
विभ्राजतेतववपुःकलधौतकांतम् ।
उद्यच्छशांकशुचिनिर्झरवारिधार
मुच्चैस्तटंसुरगिरेरिवशातकौम्भम् ॥३०॥

ધોળા ઢળે ચમર કુંદ[1] સમાન એવું,
શોભે શરીર તુજ કાન્ત[2] સુવર્ણ જેવું;
તે ઊગતા શશિ[3] સમાં જળ સુભ્ર[4] વાળું,
મેરૂગિરી શિખર હેમ તણું નિહાળું ! ! ૩૦

હે જીનરાજ ! ઉદય પામેલા ચંદ્રમાના જેવી નિર્મળ પાણીનાં ભરણુની ધારાઓ વડે જેમ મેરૂ પર્વતનું સુવર્ણ મય ઉંચુ શિખર શોભી રહે છે, તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા વીંજેલા ચામરો વડે સોનાના જેવું મનોહર આપનું શરીર શોભી રહે છે.

૧ મોગરાના પુષ્પ ૨ મનોહર. ૩ ચંદ્રમા ૪ ધોળું.

छत्रत्रयंतवविभातिशशांककांत
मुच्चैःस्थितंस्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत्त्रिजगतःपरमेश्वरत्वम् ॥३१॥

ઢાંકે પ્રભાવ રવિ કાન્ત શશિ સમાન,
મોતી સમુહ રચનાથી દીપાયમાન;
ને આધિપત્ય[1] ત્રયલોક જણાવનારાં,
છત્રો જણાય ત્રય[2] નાથ રૂડાં તમારાં. ૩૧

હે ભગવન્! તમારા ઉપર રહેલાં એવાં, અને ચંદ્રના જેવાં મનોહર, તેમજ સુર્યના કિરણનો પ્રકાશ જેણે ઢાંકી દીધો છે એવાં, વળી મોતીઓના સમુહની રચનાથી વિશેષ શોભાયમાન એવાં તમારાં ત્રણ છત્રો, શોભી રહ્યાં છે, તે ત્રણે જગતનું તમારૂં પ્રભુત્વ જાહેર કરે છે.!!

૧ અધિપતિ પણું ૨ ત્રણ.

गम्भीरतारस्वपूरितदिग्विभाग
स्त्रैलोक्यलोकशुभसंगमभूतिदक्षः ।
सद्धर्मराजजयघोषणघोषकःसन्
खेदुंदुभिर्ध्वनतितेयशसःप्रवादी ॥३२॥

શબ્દ ઉંચા ગંભિર પુરીત છેજ દિશા,
ત્રૈલોકને સુભ સમાગમ સંપત્તિદા;
એવો સૂધર્મ જય જાહેર શબ્દ જે છે,
તે વાદ્ય[1] તુજ યશ વાદી નભે બજે છે.[2] ૩૨

ઉંચા અને ગંભીર શબ્દ વડે દિશાઓના ભાગ જેણે પુરેલા છે એવો, તેમજ ત્રણે જગતના લોકને સારા સમાગમ રૂપી સંપત્તિનો આપનાર એવો, અને સત્ય ધર્મના રાજાના જયને જાહેર કરતો એવો, તમારા યશનો કેહેનારો દુંદુભીનો શબ્દ આકાશના વિશે શબ્દાયમાન થાય છે.

૧ વાજીંત્ર ૨ વાગે છે.

मन्दारसुन्दरनमेरुसुपारिजात
सन्तानकादिकुसुमोत्करवृष्टिरुद्धा ।
गन्धोदबिन्दुशुभमन्दमरुत्प्रपाता
दिव्या दिवः पतति ते वचसां ततिर्वा ॥३३॥

મંદાર, સુંદર, નમેરુ, સુપારી જાતે,
સંતાનકાદિ કુસુમ વૃષ્ટિ થકી રુંધાતે;
વાયુ સુગંધીત જળો થકી મંદ વે'છે,
ત્યાં દિવ્ય વાણી તુજ સ્વર્ગ થકી પડે છે. ૩૩

મંદાર, સુંદરક નમેરૂ, પારિજાત, અને સંતાનક, ઇત્યાદિ દેવતરૂઓના પુષ્પોના સમુહની વૃષ્ટિ થકી રૂંધાએલી અને સુગંધીદાર જળના બીંદુઓ વડે કરીને શીતળ, સુરભિ, અને મંદ મંદ પવન જ્યાં વાયા કરે છે ત્યાં આગળ તમારી દિવ્ય વાણીની ધારા જાણે સ્વર્ગથીજ પડે છે.

शुम्भत्प्रभावलयभूरिविभाविभोस्ते
लोकत्रयद्युतिमतांद्युतिमाक्षिपन्ती ।
प्रोद्यद्दिवाकरनिरंतरभूरिसंख्या
दीप्त्याजयत्यपिनिशामपिसोमसौम्या॥

તારી વિભા પ્રસરતી અતિકાન્તિ ભારે,
ત્રૈલોકયના દ્યુતિ સમૂહની કાન્તિ હારે;
તે ઉગતા રવિ તણી દિવસે હરે છે!
રાત્રે જીતે શિતળ ચંદ્ર સમાન તેજે.!! ३४

હે વિભુ! પ્રસરી રહેલા પ્રભાના વલય થકી ઘણી દેદીપ્યમાન એવી જે તમારી વિભા કે'તાં મુખ મંડળની કાન્તિ તે આ ત્રણે લોકને વિશે જે જે કાંન્તિમાન પદાર્થ છે તેની કાંન્તિને આક્ષેપ કરે છે, અને દીવસને વિશે તેજની મોટી સંખ્યાથી સુર્યની અને રાત્રિને વિશે પોતાની શીતળતા વડે કરીને ચંદ્રની કાન્તિને જીતે છે.

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः
सद्धर्मतत्वकथनैकपटुस्त्रिलोक्याः ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व
भाषास्वभावपरिणामगुणैःप्रयोज्यः ।३५

જે સ્વર્ગ મોક્ષ પથ દેણ વિશે પ્રવિણ,
ને ધર્મ તત્વ કથવે પટુ લોક ત્રૈણ;
એવો ધ્વનિ વિશદ અર્થ થકી થનારો,
ભાષા તમામ ગુણ પામી રહે તમારો. ૩૫

સ્વર્ગ અને મોક્ષના માર્ગના બતાવવામાં ઈષ્ટ અને, સત્ય ધર્મના તત્વને કહેવામાં એકજ નિપુણ એવો તમારો જે દિવ્ય ધ્વનિ તે નિર્મળ અર્થવાળો સર્વ ભાષાના સ્વભાવના ગુણના પરિણામને પામીને ત્રણે લોકને વિશે થાય છે.

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३६॥

ખીલ્યાં સુવર્ણ નવ પંકજ[1] ઓઘ[2] જેવા,
કાન્તિ નખોની પ્રસરી રહી છે ઘણેરી;
એવા જીનેંદ્ર! તુજ પાદ ડગો ભરે છે,!
ત્યાં દેવતા કમળની રચના કરે છે.!! ૩૬

હે જીનેંદ્ર ! ખીલેલાં સોનાનાં નવ અથવા નવાં કમળના સમુહની કાંતિના જેવી નખના કિરણોની કાંતિયો પ્રસરી રહેવાથી આલ્હાદ જનક એવા તમારા પગો જે જે ઠેકાણે ધારણ કરો છો ત્યાં ત્યાં દેવતાઓ કમળની કલ્પના કરે છે.

૧ કમળ ૨. ઢગલો

इत्थंयथातवविभूतिरभूज्जिनेंद्र
धर्मोपदेशनविधौनतथापरस्य ।
यादृक्प्रभादिनकृतःप्रहतांधकारा
तादृक्कुतोग्रहगणस्यविकाशिनोपि॥३७॥

એવી જીનેંદ્ર થઇ જે વિભૂતી[1] તમોને,
ધર્મોપદેશ સમયે નહિ તે બીજાને;
જેવી પ્રભા તિમીર[2] હારી રવિ[3] તણી છે,
તેવી પ્રકાશીત ગ્રહોની કદિ બની છે.?! ૩૭

હે જીનેંદ્ર! ધર્મનો ઉપદેશ કરતી વખતે એવા પ્રકારની જે જે સંપત્તિ તમને પ્રાપ્ત થઈ છે, તેવી અન્ય ધર્મના હરિહરાદિક દેવોને થઇ નથી. દ્રષ્ટાંત, અંધકારનો નાશ કરનારી સુર્યની પ્રભા જેવી હોય છે, તેવી પ્રકાશ પામેલા ગૃહો તારાઓની હોતી નથી.

૧ સંપત્તિ ૨ અંધારૂ ૩ સૂર્ય.

श्च्योतन्मदाविलविलोलकपोलमूल
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वाभयंभवतिनोभवदाश्रितानाम्॥३८

ઉડયે મદે ઝરીત ચંચળ ગંડ દેશે,
દ્વિરેફ[1] શબ્દ થકી ક્રોધી થયો વિશેષે;
એવો સમાન ઐરાવત હુસ્તી સામે,
આવે, ન તોય ભય આશ્રિત[2] આપ પામે. ૩૮

ઝરતા મદ વડે કરીને ખરડાગેલા અને ચંચળ એવા ગંડ સ્થળને વિશે ભમતા ભમરાઓના ગુંજારવ વડે વધારે ક્રોધાયમાન થએલો એવો ઐરાવતના જેવો મદોન્મત અને ઉદ્ધત, હાથી સામો આવતો જોઇને પણ આપના આશ્રય કરીને રહેલા જનોને ભય લાગતો નથી.

૧ ભમરાઓ ૨ આશ્રયવાળો.

भिन्नेभकुंभगलदुज्वलशोणिताक्त
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमःक्रमगतंहरिणाधिपोपि
नाक्रामतिक्रमयुगाचलसंश्रितंते ॥३९॥

છેદથી હસ્તિ શિર શ્વેત, રૂધિરવાળા—
મોતી સમૂહ થકી ભૂમિ શોભાવનારા;
એવા મહાન સિંહ દોટ વિશે પડાય,
ના તુજ પાદ ગિરી આશ્રયથી મરાય. ૩૯

હાથીઓના મસ્તકો ભેદવાથી કાંઇક શ્વેત, અને લોહીથી ખરડાયેલાં એવાં મુક્તાફળના ગળવાથી શોભાવ્યો છે પૃથ્વીનો ભાગ તે જેણે એવો, સિંહ દોડતો હોય તે પણ તમારા પગ રૂપી પર્વતનો આશ્રય કરીને રહેલો માણસ પોતાની દોટમાં આવે તો પણ તેને મારી શકતો નથી.

कल्पांतकालपवनोद्धतवह्निकल्पं
दावानलंज्वलितमुज्ज्वलमुत्स्फुलिंगम् ।
विश्वंजिघत्सुमिवसन्मुखमापतंतं ।
त्वन्नामकीर्तनजलंशमयत्यशेषम् ॥४०॥

જે જોરમાં પ્રલયના પવને થએલો,
ઓઢા ઉડે, બહુ દવાગ્નિ[1] ધીકી ગએલો;
સંહારશે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તન રૂપી જળ શાંત પાડે.! ૪૦

પ્રલય કાળના પવનથી ઉદ્ધત થએલો અગ્નિ હોય તેના જેવો અને જેની અંદરથી ઘણા ઓઢા ઉડે છે એવો તથા ઘણોજ પ્રકાશવાળો વનનો અગ્નિ જાણે જગતને બાળી નાંખવાની ઇચ્છા કરતો હોયની તેમ જોરમાં સળગતો જો સન્મુખ આવીને પ્રાપ્ત થયો હોય તોપણ તેને તમારા નામનું કીર્તન રૂપી જળ અશેષ સમાવી દે છે—બુઝાવી નાંખેછે

૧ વનનો અગ્નિ

रक्तेक्षणं समदकोकिलकंठनीलं
क्रोधोद्धतं फणिनमुत्फणमापतंतम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशंक
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥४१॥

છે રકત નેત્ર પિક[1] કંઠ સમાન કાળો,
ઉંચી ફણે સરપ સન્મુખ આવનારો;
ઉલ્લંઘશે પુરૂષ તેહ નિઃશંક તેને,
તુ(જ) નામ નાગ દમની[2] દીલ ધારી જેણે. ૪૧

લાલચોળ નેત્રવાળો, અને કોયલના ગળા જેવો કાળો એવો વળી ક્રોધે કરીને ઉદ્ધત એટલે છંછેડાયેલો, ઉંચી ફેણ કરીને સન્મુખ આવતો સર્પ હોય તેને પણ તમારા નામ રૂપી નાગ દમની જે પુરૂષના હૃદયને વિશે હોય છે તે પોતાના પગવડે ઓળંગીને ચાલ્યો જાય છે.

૧ કોયલ. ૨ એ નામની ઔષધી.

वल्गत्तुरंगगजगर्जितभीमनाद
माजौबलंबलवतामपिभूपतीनाम् ।
उद्यद्दिवाकरमयुखशिखापविद्धं
त्वत्कीर्त्तनात्तमइवाशुभिदामुपैति॥४२॥

દોડે તુરંગ[1] ઇભ[2] શબ્દ કરે અઘોર,
એવું યુદ્ધે ભૂપતિનું બળવાન જોર;
ભેદાય છે તીમિર જેમ રવિ કરેથી,
ભેદાય શિઘ્ર[3] ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨

જેમ ઉદય પામેલા સુર્યના કિરણોની શિખાઓ વડે અંધકાર નાશ પામે છે તેમ, જે સંગ્રામને વિશે ઘોડાઓ દોડી રહ્યા છે, હાથીઓ ભયાનક શબ્દ કરી રહ્યા છે, એવા બળવાન રાજાઓના સૈનને પણ તમારા કીર્તનથી ઉતાવળે ભેદ પમાડી શકાય છે.

૧ ઘોડા ૨ હાથી ૩ ઉતાવળથી.

कुंताग्रभिन्नगजशोणितवारिवाह
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धेजयंविजितदुर्जयजेयपक्षा
स्त्वत्पादपंकजवनाश्रयिणोलभंते॥४३॥

બર્છી થકી હણીત હાથી રૂધીર વે'છે,
યોધા પ્રવાહ મહીં આતુર જ્યાં તરે છે;
એવા યુધે અજીત શત્રુ જનો જીતે છે,
પાદાર[1] વિંદ વન આશ્રય તુજ લે છે. ૪૩

બરછીની અણીઓ વડે ભેદાએલા હાથીઓના રૂધિર રૂપ જળ પ્રવાહને વિશે ઉતાવળા ઉતરવા સારૂં તરવામાં આતુર થએલા છે યોદ્ધાઓ તે જેને વિશે, એવા ભયાનક યુદ્ધને વિશે અજીત શત્રુઓના પક્ષને પણ તમારા પગરૂપી કમળના વનના આશ્રયથી જીતે છે,

૧ પગ રૂપી કમળનુ વન

अंभोनिधौक्षुभितभीषणनक्रचक्र
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रंगत्तरंगशिखरस्थितयानपात्रा
स्त्रासंविहायभवतःस्मरणाद्व्रजंति॥४४

જ્યાં ઉછળે મગર મચ્છ અનેક એવા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
તોફાની સાગર વિશે સ્થીત નાવ છે જે,
ભીતિ[1] વિના સ્મરણ આપ થકી તરે તે. ૪૪

જે સમુદ્રને વિસે વાડવાગ્નિથી મગર આદિ જળચર જંતુઓ ક્ષોભ પામી રહયાં છે, અને જેની અંદર પાણીનાં મોજાં ઉછળી રહ્યાં છે, એવા સમુદ્રમાં જો વહાણવટીઓ જોખમમાં આવી પડયા હોય તો તમારા સ્મરણ થકી ત્રાસ કે'તાં ભયથી મુક્ત થઈને સુખેથી પાર પામે છે

૧ બીક

उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपंकजरजोऽमृतदिग्धदेहा
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४५॥

જે છે નમ્યાં ભયદ રોગ જળોદરેથી,
પામ્યા દિશા દુઃખદ આશ ન દેહ તેથી;
તે પાદ પદ્મરજ[1] અમૃત આપ કેરા,
લીપે બને મનુજ કામ સમા રૂપાળા. ૪૫

ભયાનક જળોદર રોગના ભારથી નમી ગએલા જીવીતની આશા જેમણે છોડી દીધી છે, અને મહા દુઃખદ અવસ્થાને પામેલા, એવા માણસો પણ તમારા ચરણકમળની રજ રૂપ અમૃતનું પોતાને દેહે લેપન કરે તો કામ દેવના સમાન રૂપાળા થાય છે.

૧ પગરૂપી કમળની રજ

आपादकंठमुरुशृंखलवेष्टिताङ्गा
गाढंबृहन्निगडकोटिनिघृष्टजंघाः ।
त्वन्नाममंत्रमनिशंमनुजाःस्मरंतः
सद्यःस्वयंविगतबंधभयाभवंति ॥४६॥

બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણીથી જાંગ ઘસાય જેની;
એવા અહોનિશ જપે તુજ નામ મંત્ર,
તે માનવો તુરત થાય રહીત બંધ. ४६

પગથી તે ગળાસુધી જડેલી બેડી વડે જેનાં તમામ અંગ વિંટઇ ગયાં છે, અને તે બેડીઓની કોટીઓની ઝીણી અણીઓ વડે જેમની જાંગો નિરંતર ઘસાય છે, એવા માણસો પણ જો તમારા નામનો મંત્ર હમેશાં જપે તો તત્કાળ બંધનના ભયથી રહીત થાય છે.

मत्तद्विपेन्द्रमृगराजदवानलाहि
संग्रामवारिधिमहोदरबंधनोत्थम् ।
तस्याशुनाशमुपयातिभयंभियेव
यस्तावकंस्तवमिमंमतिमानधीते ॥४७॥

જે મત્ત હસ્તી અહિ[1] સિંહ દવાનલાગ્નિ,[2]
સંગ્રામ[3] સાગર જળોદર બંધ ભીતિ;[4]
તે બુદ્ધિમાન જનજો સ્તુતિ આ તમારી,
મોઢે પઢે ભયથી સત્વર જાય હારી. ૪૭

જે બુદ્ધિમાન માણસ તમારૂં આ સ્તવન ભણે છે તેનો મદોન્મત હાથી, સિંહ, વનનોઅગ્નિ, યુદ્ધ, સમુદ્ર, જલોદર, અને બંધન એ સર્વથી ઉત્પન થએલો ભય નાશ પામે છે.

૧ સા[illegible] વનનો અગ્નિ ૩ યુદ્ધ ૪ બીક.

स्तोत्रस्रजंतवजिनेन्द्रगुणैर्निबद्धां
भक्त्यामयारुचिरवर्णविचित्रपुष्पाम्॥
धत्तेजनोयइहकंठगतामजस्रं
तंमानतुंगमवशासमुपैतिलक्ष्मी ॥४८॥

આ સ્તોત્ર માળ તુજ ગુણ થકી ગુંથેલી,
વિચિત્ર વર્ણ રૂપી પુષ્પ થકી રચેલી;
મેં, તે જીનેંદ્ર જન જે નિત્ય કંઠ નામે,
તે, માનતુંગ અવશા સુભ લક્ષ્મી પામે. ૪૮

હે જીનેંદ્ર ! આ સ્તોત્ર રૂપી માળા મેં તમારા ગુણ રૂપી દોરાવડે વિચિત્ર અક્ષર રૂપી રંગવાળા પુષ્પ થકી ભક્તિવડે ગુંથેલી છે, તેને જે માણસ હમેશાં પોતાના કંઠને વિશે ધારણ કરશે તે સન્માન થકી ઉંચા થએલા અવશા એટલે સ્વતંત્ર લક્ષ્મીને પામશે. આ ઠેકાણે માનતુંગ એ શબ્દવડે આ સ્તોત્ર રચનારે પોતાનું નામ પણ સુચવ્યું છે.

शुद्धिपत्रम्.

આ પુસ્તકનો પાઠ કરતાં પહેલાંજ આ શુદ્ધિ પત્રમાં લખ્યા મુજબ સુધારો કરી લેવો.

पत्र	ओळ	अशुद्ध	शुद्ध.
१	२	वृतम्	वृत्तम्
१	३	प्रभाण	प्रभाणा
४	१	शशाककातान्	शशांककांतान्
६	४	हेतुः	हेतु
९	१	आस्ता	आस्तां
९	२	जगता	जगतां
१०	३	तुभ्या	तुल्या
१२	१	शातराग	शांतराग
१३	१	वक्रं	वक्त्रं
१३	[illegible]	जगात्रितयो	जगत्त्रितयो

१४	१	शशाक	शशांक
१४	७	ત્રૈલોક	ત્રૈલોક
१५	१	त्रिदशागनाभि	त्रिदशांगनाभि
१६	३	चलाना	चलानां
१८	१	महाधकारं	महांधकारं
२३	१	पुमास	पुमांस
२६	७	ત્રૈતોકનાથ	ત્રૈલોકનાથ
२६	८	શોષેક	શોષક
३०	१०	ભરણની	ઝરણની
३१	१	वभाति	विभाति
३२	१	गभीर	गंभीर
३२	७	સુધર્મ	સુધર્મ
३३	४	दिव्याद्दिव	दिव्यादिवः
३५	१	विभागेणष्ट	त्रिभागणेष्टः
३५	२	स्त्रिलोक्यांः	[illegible]लोक्यां
३६	५	જેવા	[illegible]ી

४३	२	वगावतार	वेगावतार
४६	१	वेष्टिताागा	वेष्टितांगा

आश्रयपत्रम्.

અગાઉથી આશ્રય આપનાર સ્વધર્મોત્તેજક સદ્‌ગ્રહસ્થોનાં નામ.

પ્રત.	નામ	ગામ.
૨૫	રા. રા. શા શંકરલાલ વી. તાપીદાસ ગાંધી.	આમોદ
૧૦	રા. રા. શા.. કાલીદાસ અમથાભાઇ	કુડપકા
૧૦	,, ,, શા. શીવલાલ ભીખાભાઇ.	કાસદ
૧૦	,, ,, શા. જેઠાભાઇ ગોવરધનભાઇ.	શ્રીકોઠી
૧૦	,, ,, શા. ફતેચંદ રતનચંદ.	ભાવનગર
૧૦	,, ,, શા. ઝીલાભાઈ ફુલચંદ	પાદરા
૧૦	,, ,, શા. હાથીભાઇ મુલચંદ.	માણસા
૧૦	શ્રીયુત્ પંડીત. જીયાલાલ ચૌધરી.	ફરૂખનગર
૧૦	રા. રા. શા. હરીભાઈ પ્રેમાનંદ.	કરમસદ
૫	રા. રા. શા. અમથાભાઇ અમરચંદ.	આમોદ
૫	રા. રા. [illegible]ા. દલસુખ પાનાચંદ.	બોરસદ
૫	,, ,, શ[illegible] નારણદાસ તલસી.	સાદડા
૩	[illegible] [illegible]ાતીલાલ તાપીદાસ	આમોદ
૨	[illegible]શી. પ્રાણજીવનદાસ કસનદાસ	અંકલેશ્વર

૨ ,, ,,	શા. દેવચંદ હરગોવનદાસ.	અકલેશ્વર
૧ રા. રા.	છોટાલાલ ચતુરશી આબકારી ઈન્સપેકટર	મહેમદાવાદ
૧ રા. રા.	શા રૂપચંદ ઝવેરચંદ	મુંબાઇ
૧ ,, ,,	શા. માણેકલાલ દીપચંદ.	આમોદ
૧ ,, ,,	શા. હરીચંદ માણેકચંદ.	દેહેજ
૧ ,, ,,	શા. નાથા જગજીવન..	દેહેજ
૧ ,, ,,	શા. શોમચંદ કાલીદાસ.	કેરવાડા
૧ ,, ,,	શા. કાલીદાસ રાયચંદ.	કેરવાડા
૧ ,, ,,	શા. શોમચંદ લાલચંદ.	આમોદ
૧ ,, ,,	શા. ખુશાલ અમથાભાઇ.	આમોદ
૧ ,, ,,	શા. શોમચંદ માણેકચંદ.	પાહાજ
૧ ,, ,,	શા નાથાભાઇ ભગવાનદાસ.	ભરૂચ
૧ ,, ,,	શા. પાનાચંદ કેશવજી.	આમોદ
૧ ,, ,,	શા. વજલાલ શેઠ રંગજી.	વલણ
૧ ,, ,,	શા. દેવચંદ હરચંદ.	કુરાલ
૧ ,, ,,	પટેલ. હીમચંદ દેવચંદ.	કેરવાડા
૧ ,, ,,	શા. હીમચંદ ગુલાબચંદ	કેરવાડા
૧ ,, ,,	શા. કેશવજી લેહેરાભાઇ.	કવેટા.
૧ ,, ,,	શા. જમનાદાસ ગુલાબચંદ.	રા

૧ ,, ,,	શા. પાનાચંદ મનોરદાસ.	વેડચ
૧ ,, ,,	શા. પ્રાણુલાલ પ્રેમાનંદ.	જંબુસર
૧ ,, ,,	શા. જેચંદ શેઠ દેવચંદ.	વડુ
૧ ,, ,,	શા. લલુભાઇ જેશંગદાસ.	દેથરી
૧ ,, ,,	શા. ભોગીલાલ વ્રજલાલ	દેથરી
૧ ,, ,,	શા. સુરચંદ મનોરદાસ.	છાણી
૧ ,, ,,	શા. છોટાલાલ કાળીદાસ.	છાણી
૧૦,, ,,	શા ડાહ્યાભાઈ હરકીશનદાસ.	દાવોલ
૧ ,, ,,	શા. રાયચંદ દામોદરદાસ.	દાવોલ
૧ ,, ,,	શા. રણછોડદાસ ત્રીકમદાસ.	બાકરોલી
૧ ,, ,,	શા. છોટાલાલ મુળજી	સોજીંત્રા
૧ ,, ,,	શા. તલકચંદ ઇશ્વર.	સોજીંત્રા
૧ ,, ,,	શા. હરીભાઈ મંગળદાસ.	વડુ
૧ ,, ,,	શા. લલુભાઇ અમીચંદ.	શોખડા

બાકીના કેટલાક ગ્રહસ્થોનાં નામ વેળાસર નહીં આવવાથી દાખલ થઈ શકયાં નથી.